નવી બાબત: વર્ષ ૨૦૧૪-૧૫
જી.એસ.ટી.ડી.આર.ઇ.આઇ.એસ. દ્વારા સંચાલિત ૫(પાંચ) જી.આર.એસ., ૪(ચાર) ઇ.એમ.આર.એસ. તથા ૧(એક) મોડેલ સ્કુલના બાંધકામ માટે થનાર વધારાના ખર્ચની રૂ.૩૨૦૦.૦૦ લાખની નવી બાબત.

# ગુજરાત સરકાર

આદિજાતિ વિકાસ વિભાગ

ઠરાવ ક્રમાંક: પરચ-૧૦૨૦૧૩-ન.બા.૪૮-ધ

સચિવાલય, ગાંધીનગર.

તા. 26 AUG 2014

વંચાણે લીધા :-

(૧) આદિજાતિ વિકાસ વિભાગના તા.૦૯/૦૪/૨૦૧૨ના ઠરાવ ક્રમાંક: નસઅ/૧૦૨૦૧૨/ન.બા.૧/સી.ધ

(૨) આદિજાતિ વિકાસ વિભાગના તા.૧૮/૦૩/૨૦૦૭ના ઠરાવ ક્રમાંક: ઇએમઆર/૧૦૨૦૦૬/ન.બા.૧/ધ

(3) ગુજરાત રાજ્ય ટ્રાયબલ ડેવલપમેન્ટ રેસીડેન્સીયલ એજ્યુકેશનલ ઇન્સ્ટીટયુશન્સ સોસાયટીનો તા.૧૭/૦૪/૨૦૧૪નો પત્ર ક્રમાંક: TD/EMRS/2014/1423

ઠરાવ :-

ભારત સરકારના આદિજાતિ બાબતોના મંત્રાલયની તથા માનવ સંશાધન મંત્રાલયની સહાયથી જુદી જુદી યોજનાઓ હેઠળની સહાયથી રાજ્યમાં ૧૭ એકલવ્ય મોડેલ રેસીડેન્સીયલ શાળાઓ, ૪૩ ગર્લ્સ રેસીડેન્સીયલ શાળાઓ તથા ૧૨ મોડેલ શાળાઓ GSTDEIRS દ્વારા સંચાલિત છે. પ્રસ્તુત શાળાઓમાં આદિજાતિ વિધાર્થીઓને રહેવા, જમવા અને શિક્ષણની વિવિધ સુવિધાઓ પૂરી પાડવામાં આવે છે. અને તે માટે ભારત સરકાર તરફથી ગ્રાન્ટ ફાળવવામાં આવે છે. પ્રવર્તમાન S.O.R. મુજબ ભારત સરકાર તરફથી મળતા ફંડમાં આ શાળાઓમાં શાળા/છાત્રાલયને અનુરૂપ ભૌતિક સુવિધાઓ પૂરી પાડવા માટે ફંડ ઓછુ પડે છે. આથી પૂરક ગ્રાન્ટ તરીકે રાજ્ય સરકારના આયોજનના ફંડ પૈકી આ શાળાઓમાં આંતર માળખાકીય સુવિધાઓ પૂરી પાડવા માટે ફાળવવામાં આવે છે. તદનુસાર વંચાણે લીધા ક્રમાંક: (3)થી ગુજરાત રાજ્ય ટ્રાયબલ ડેવલપમેન્ટ રેસીડેન્સીયલ એજ્યુકેશનલ ઇન્સ્ટીટયુશનલ સોસાયટી દ્વારા રજુ થયેલ ગુજરાત રાજ્યમાં જુદા જુદા ૮ સ્થળો

ખાતે ૫(પાંચ) જી.આર.એસ., ૪(ચાર) ઇ.એમ.આર.એસ. તથા ૧(એક) મોડેલ સ્કુલના બાંધકામ માટે થનાર વધારાના ખર્ચની રૂ.૩૨૦૦.૦૦ લાખની નવી બાબતની દરખાસ્તને ૨૦૧૪-૧૫ના વર્ષ માટે નીચેની શરતોને આધિન આથી વહિવટી મંજુરી આપવામાં આવે છે.

**શરતો :-**

(૧) આ અંગેનો ખર્ચ જે તે વર્ષની બજેટ જોગવાઇ અને નાણા વિભાગ દ્વારા વખતો વખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૨) પ્રસ્તુત દરખાસ્ત સંદર્ભે પ્રવર્તમાન નિયમોને આધિન ચાલુ તથા જરૂરિયાત પ્રમાણે આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત બજેટ જોગવાઇ કરાવી લેવાની રહેશે.

(૩) આ અંગેનું ખર્ચ રાજય સરકારના સ્થાયી તેમજ વખતોવખતના લાગુ પડતા ઠરાવો / પરિપત્રો અને જોગવાઇઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનો રહેશે.

(૪) આ મંજુરી અન્વયે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનું પાલન કરવાનું રહેશે.

(૫) આ મંજુરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહિ. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૬) બાંધકામના કામોની દરખાસ્તોની મંજુરી માટે વિભાગે તાત્કાલિક પ્રવર્તમાન S.O.R મુજબ નકશા-અંદાજો રજુ કરી સક્ષમ સત્તાધિકારીની તાંત્રિક મંજુરી મેળવવાની રહેશે.

(૭) બાંધકામના કામોમાં P.W .D મેન્યુઅલની જોગવાઇઓનુ પાલન કરવાનું રહેશે.

(૮) રેલ્વે, નેશનલ હાઇવે ઓથોરીટી, પુરાતત્વ ખાતું, વન અને પર્યાવરણ વિભાગ, પ્રદુષણ નિયંત્રણ બોર્ડ, સ્થાનિક સત્તામંડળ વગેરે જેવી ઓથોરીટીની મંજુરી જરૂરી હોય તેવા કિસ્સામાં આવી મંજુરી મેળવ્યા બાદ જ બાંધકામ અંગેની કામગીરી હાથ ધરવાની રહેશે.

(૯) આ કામની ડિઝાઇન તૈયાર કરતી વખતે અને યોજનાનાં અમલીકરણમાં સુરક્ષા અંગેના ધોરણો અને ગુજરાત સ્ટેટ ડિઝાસ્ટર મેનેજમેન્ટ એજન્સીની માર્ગદર્શક સૂચનાઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૧૦) શક્ય હોય ત્યાં પ્રસ્તુત બાંધકામમાં ગ્રીન બિલ્ડીંગના અભિગમનો પણ અમલ કરવાનો રહેશે.

(૧૧) આ કામના ટેન્ડર પ્રોસેસીંગમાં સરકારના ઉધોગ અને ખાણ વિભાગના તા.૨૨/૧૧/૨૦૦૬ નાં ઠરાવ ક્રમાંક:એસપીઓ/૧૦૨૦૦૫/૧૪૦૭/ચ માં ઇ-ટેન્ડરીંગ અંગે આપવામાં આવેલ સુચનાઓનુ ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૧૨) મંજુર થયેલ અંદાજોમાં કોઇ ફેરફાર થાય તો તે અંગેની સુધારેલી વહીવટી મંજુરી સમયસર મેળવવાની પૂરતી તકેદારી રાખવાની રહેશે.

૨. આ અંગેનો ખર્ચ માંગણી ક્રમાંક: ૯૬, મુખ્ય સદર:૨૨૨૫-અનુ.જાતિઓ, અનુ.આદિજાતિઓ અને અન્ય પછાત વર્ગોનું કલ્યાણ, ગૌણ સદર-૭૯૬ આદિજાતિ વિસ્તાર પેટા યોજના, પેટા યોજના, પેટા સદર-૮૯ બીસીકે-૨૩૦ રાજ્યમાં ૮ સ્થળો ખાતે શાળાઓના બાંધકામનાં મૂડીગત ખર્ચમાં ગેપ ફંડીંગ હેઠળ ચાલુ નાણાંકીય વર્ષમાં થયેલ જોગવાઇમાંથી મેળવવાનો તેમજ ઉધારવાનો રહેશે.

૩. આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણા વિભાગની તારીખ.૧૮/૦૬/૨૦૧૪ની નોંધથી મળેલ મંજુરીથી બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(હરેશ દવે)
સેકશન અધિકારી
આદિજાતિ વિકાસ વિભાગ

નકલ રવાના :-

- માન.રાજ્યપાલશ્રીના અગ્રસચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માન.મુખ્ય મંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.મંત્રીશ્રી(આ.વિ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી(આ.વિ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રીના રહસ્ય સચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી (ખર્ચ)ના રહસ્ય સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રીના રહસ્ય સચિવશ્રી, કૃષિ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાણા સલાહકારશ્રી(આ.વિ.), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- કમિશનરશ્રી, આદિજાતિ વિકાસ, બિરસામુંડા ભવન, સેકટર-૧૦/એ, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
- નિવાસી ઓડીટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- જીલ્લા તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.

- કાર્યપાલક નિયામકશ્રી, ગુજરાત સ્ટેટ ટ્રાયબલ ડેવલપમેન્ટ રેસીડેન્સીયલ એજયુકેશનલ ઇન્સ્ટીટયુશન્સ સોસાયટી, બિરસામુંડા ભવન, સેકટર-૧૦/એ, ગાંધીનગર.
- મુખ્ય કારોબારી અધિકારીશ્રી, ડી-સેગ, બિરસામુંડા ભવન, સેકટર-૧૦/એ, ગાંધીનગર.
- સેકશન અધિકારીશ્રી, બજેટ શાખા, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાયબ સેકશન અધિકારી સિલેકટ ફાઇલ.
- સિલેકટ ફાઇલ.